જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૨૨/૨૦૨૦**

## લુંટના આરોપીની અટકાયતની વિગત

### વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન

## લુંટના આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.સંયુક્તપો.કમિ.શ્રી, સેકટર-૧ અમીત વિશ્વકર્મા સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલકત સંબધી ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ વધુ બનાવ બનતા અટકાવવા અસરકારક કામગીરી કરવા આપેલ સુચના હેઠળ વસ્ત્રાપુર સર્વેલસ સ્કોડના પો.સ.ઇ. એમ.બી જાડેજા સાહેબનાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો જીતેન્દ્રકુમાર તથા પો.કો વિનોદભાઇ તથા મહીલા પો.કો રીંકુબેન નાઓની સંયુકત ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપી ભુવન s/o શૈલેષભાઇ નટવરલાલ ધાનક (સોની) ઉવ 34 ધંધો રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં. ઝેડ/૨/૬, લેક વ્યુ એપાર્ટ., ગણપતિ મંદિર સામે, વસ્ત્રાપુર તળાવ, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર નાઓને પકડી લુંટમાં ગયેલ મોબાઇલ ફોન તથા રોકડ રકમ મળી કુલ્લે 6500/ નો મુદામાલ કબ્જે કરી વસ્ત્રાપુર પોસ્ટે પાર્ટ એ- 11192020026 4 /2020 , ધી ઇપીકો કલમ ૩૯૨,૩૨૩ મુજબના ગુનાનો ભેદ ઉકેલી સારી કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીઓ ની ગુન્હો કરવાની એમ.ઓ.:

આ કામના આરોપી અવાર-નવાર રાહદારીયોના હાથમાંથી મોબાઇલ ફોન તથા પૈસા ઝુટવી લઇ જવાની એમ.ઓ ધરાવે છે.

## આરોપીનો ગુનાહીત ઇતિહાસ

આ કામે પકડાયેલ આરોપી અગાઉ વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં 192/19, ફસ્ટ -11/2018 .ફસ્ટ 287/18 ,સેકન્ડ ગુ નં -18/15, સેકન્ડ 11/2017,સેકન્ડ 11/2018, મળી કુલ્લે સાતેક જેટલા ગુનાઓમાં પકડાયેલ છે તથા એકવાર પાસાની સજા પણ કાપી ચુકેલ છે

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઈ.ભારતભાઈ દાનુભાઈ તથા મ.સ.ઈ. જહાંગીરખાનતથા હેકો.ઘનશ્યામસિંહ મહેંદ્રસિંહ તથા હે.કો.બાબુભાઇ સરતાનભાઇ હે.કો.જાહીદખાન ઈસ્માઈલખાન પોકો. સંજયભાઈ કાનજીભાઈ તથા પો.કો. યશપાલસિંહ જોરૂભા પો.કો. જીતેંન્દ્રભાઈ જીવાભાઈ તથા પો.કો.ગોવિંદભાઈ નરસિંભાઈ તથા લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિહ તથા લો.ર.લાલજીભાઈ ચકાભાઈ તથા વુ.પો.કો રીંકુબેન મુળજીભાઇ

# ગુમ થનાર બાળકને શોધી કાઢી સરાહનીય કામગીરી

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

## ગણતરીના કલાકોમાં ગુમ થનાર બાળકને શોધી કાઢી સરાહનીય કામગીરી

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન એ.પાર્ટ.નં-૧૧૧૯૧૦૪૪૨૦૦૦૯૪/૨૦૨૦ ઇપીકો કલમ-૩૬૩ મુજબના કામે ફરીયાદી મંજુલાબેન વા/ઓ સેસાજી પુનાજી રાણા ઉ.વ.૩૫ ધંધો-ઘરકામ રહે-મ.નં-૧૦૨/૧૨૧૬ શ્રીનગર એપાર્ટમેન્ટ નેશનલ સ્કુલની બાજુમાં સોલા રોડ નારણપુરા અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તેઓના જેઠનો દિકરો ભાવેશ ઉ.વ.૧૫ નાનાએ ગઇ તા.૧૦/૦૩/૨૦૨૦ ના રોજ પોતાના ઘરેથી તેઓના કાકીને પુછયા વગર રૂ.૪૦૦૦/- લીધેલ અને જે બાબતે તેના કાકા તેને મારશે તે બીકના કારણે તા.૧૩/૦૩/૨૦૨૦ ના રોજ ઘરેથી જતો રહેલ હતો અને જે બાબતે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થયેલ હતો અને આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૦ ના રોજ સિનિયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.એમ.ગામીત નાઓની સુચનાથી અ.પો.કો કરશનભાઇ ગોવાભાઇ બ.નં-૧૦૨૦૯ તથા અ.લોકરક્ષક ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ અને અ.લોકરક્ષક ભગવાનભાઇ ચોથાભાઇ બ.નં-૧૨૨૨૩ નાઓ ગુમ થનાર બાળકના પરીવારના સભ્યો સાથે ગુમ થનાર બાળકની શોધમાં હતા ત્યારે ઘાટલોડીયા શ્રીનગર એપાર્ટમેન્ટની પાછળ આવેલ ખેતરમાંથી ગણતરીના કલાકોમાં ગુમ થનાર બાળકને શોધી કાઢી સરાહનીય કામગીરી કરી બાળકનો કબ્જો ફરીયાદીશ્રીને સોંપવામાં આવેલ છે.તા.૧૪/૦૩/૨૦૨૦



## <u>રામોલ પોલીસ સ્ટેશન</u>

## <u>જુગાર રમતા આઠ આરોપીઓને રૂ. ૪૪,૨૫૦/-ના મુદ્દામાલ સાથે પકડી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અ'વાદ શહેર</u>

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી તેમજ સંયુકત પોલીસ કમિશ્નર સેકટર -૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ વિભાગ નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારુ જુગારની પ્રવુતી સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વે સ્કોડ પો.સ.ઇશ્રી વી.બી.વાઘેલા સાહેબ નાઓને આવી પ્રવુતી ચાલતી મળી આવેથી કાયદેસર કરવા સુચના કરેલ હોય જે આધારે તેઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વસ્ત્રાલ ગામ બસ સ્ટેન્ડ પાસે આવતા **<u>એ.એસ.આઇ છત્રસિંહ ચીમનલાલ નાઓની ટીમના પો.કો દિપકકુમાર બાબુભાઇ તથા પો.કો મયુરભાઇ માધાભાઇ</u>** નાઓએ પો.સ.ઇ.ને બાતમી હકીકત આપેલ કે વસ્ત્રાલ ગામ પાંણીની ટાંકી પાસે જાહેરમાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુવળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે જે બાતમી હકીકત આધારે તેઓએ પંચો તથા સ્ટાફના માણસો સાથે સદરી બાતમી વાળી જગ્યાએ જઇ રેડ કરી જુગાર રમતા આઠ ઇસમો

નં.૧ શક્તિસિંહ કેશરીસિંહ ઝાલા ઉવ:૩૧ રહે:ઝાલાવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૨ સંદિપસિંહ મનુસિંહ ડોડીયા ઉવ:૨૭ રહે:દરબારવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૩ રાજુભાઈ રમણભાઈ ઝાલા ઉવ:૨૯ રહે:ઝાલાવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૪ જયેશભાઈ મફતલાલ ઝાલા ઉવ:૨૮ રહે:વસ્ત્રાલ ગામ ભાગોળવાસ રામોલ અમદાવાદ શહેર
નં.૫ પ્રવિણકુમાર છત્રસિંહ રાઠોડ ઉવ:૪૫ રહે:હનુમાનવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૬ ભરતસિંહ પોપટસિંહ વાઘેલા ઉવ:૩૩ રહે:ભાગોળવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૭ રાજેન્દ્રસિંહ જશવંતસિંહ વાઘેલા ઉવ:૫૭ રહે: ખોડીયાર માતાના મંદીરની બાજુમાં વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર
નં.૮ કીરણસિંહ પ્રહલાદસિંહ સોલંકી ઉવ:૪૫ રહે:દરબારવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર

નાઓને **<u>રોકડા રુપિયા ૪૪,૨૫૦/- તથા ગંજીપાના નંગ-૧૦૪</u>** ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં છે તા.૧૪/૦૩/૨૦૨૦

# SHE ટીમની કામગીરી

| | |
|---|---|
| રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા સાબરમતી રિવરફ્રંટ  વોક-વે માં આવેલ છોકરીઓ સાથે વાતચીત કરી અને ડાયલ નંબર  ૧૦૦,૧૮૧,૧૦૯૧ ની માહીતી આપી હતી |  |
|  |  |

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

# શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મિલ્કત સબંધીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે રમેશભાઈ ઈશ્વરભાઈ જાતે પટણી(બેતારાવાળા) ઉ.વ.૩૮ રહે.નર્મદાબેનની ચાલી હીમગીરી સ્કુલની બાજુમાં ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ A ૧૧૧૯૧૦૩૩૨૦૦૨૨૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૬(એ), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૭૯/૨૦૨૦ તા.૧૪/૦૩/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે “લાજપોર જેલ સુરત” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમની આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “લાજપોર જેલ સુરત” ખાતે મોકલી આપેલ છે.તા.૧૪/૦૩/૨૦૨૦



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

# શરીર તથા મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મિલ્કત સબંધીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે હરીશ રમેશભાઈ ભુરાજી જાતે પ્રજાપતિ ઉ.વ.૨૪ રહે.૯૬ તેજાજી કાળુજી ની ચાલી ઘી વાળી ચાલીની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૬/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ A ૧૧૧૯૧033૨00૨૨૮/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૪૫૨, ૪૩૬, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૮૦/૨૦૨૦ તા.૧૪/03/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમની આજરોજ તા.૧૪/03/૨૦૨૦ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૪/03/૨૦૨૦



## ગુના નિવારણ શાખા

# "વિદેશી દારુના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૪.૩.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે " વાડજ રામાપીર ના ટેકરામા આવેલ ખોડીયારચોક ખાતે રહેતા નરેશ ઉર્ફે બલીયો ભીખાભાઈ રાવત નાનો પોતે તથા પોતાના ભાડુતી માણસોએ ભેગા મળી એકાબીજાના મેળાપીપણાથી કેટલોક ભારતીય બનાવટ નો વિદેશી દારુનો જથ્થો બહારથી લાવી જુના વાડજ રામાપીરના ટેકરા ખાતે રહેતા હરેશ નરસીહ ભાઈ પરમાર નાઓના ઘરમા તથા ઘરની પાછળના ભાગે દીવાલ પાસે ખુલ્લી જગ્યામા જમીનમા દાટી સંગ્રહ કરી રાખેલ છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીને નીચે મુજબના ભારતીય બનાવટના વિદેશી દારુના જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વાડજ પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

પકડાયેલ આરોપી :

(૧) હરેશ નરસીહભાઈ પરમાર રહેવાસી- રામાપીરનો ટેકરો ભાણજીભાઈ ના પીઠાની સામે જુના વાડજ અમદાવાદ

વોન્ટેડ આરોપી:

(૧) નરેશ ઉર્ફે બલીયો ભીખાભાઈ રાવત રહેવાસી- ખોડીયાર ચોક રામાપીરનો ટેકરો વાડજ અમદાવાદ

ગુનાની જગ્યા : રામાપીરનો ટેકરો ભાણજીભાઈ ના પીઠાની સામે જુના વાડજ અમદાવાદ ખાતે પકડાયેલ આરોપીના કબ્જા ભોગવટવાળા રહેણાક મકાનમા તથા મકાનની પાછળની દીવાલ પાસે ખુલ્લી જગ્યામા

પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટની વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૭૦ કિ.રૂ.૨૯,૮૦૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ. ૫૦૦/-

**કુલ્લે રુપિયા ૩૦,૩૦૦/- નો મુદામાલ**

